# A.M.C. MEDICAL EDUCATION TRUST

## Tender No:- 102/2023-24

**Name Of Work:-** Computerised Accounting in Tally Software,Record Keeping of Vouchers, Statutory Compliances, Bank Payment, Return filing for TDS, PF, ESI, GST etc.

### ટેન્ડરરની માહિતીનું ફોર્મ

**ખાસ સૂચના:-સદર ટેન્ડર ફોર્મ, ઇ.એમ.ડી, ટેન્ડર ફી, અનુભવની વિગતો, લાયકાત અંગેના પુરાવા વિગેરે સહિત ટેન્ડર શરતોમાં જણાવેલ તમામ માહિતી/પુરાવા ટેકનીકલ બીડ કવરમાં મુકવાનાં રહેશે.**

| ક્રમ | વિગત | ચાર્ટડ એકાઉન્ટન્ટ ફર્મ દ્વારા ભરવાની થતી વિગત | રીમાર્ક્સ |
|---|---|---|---|
| ૧ | ફર્મનું નામ | | |
| ૨ | ફર્મનું સરનામું તથા ફોન નંબર | | |
| ૩ | ફર્મના ભાગીદારોનાં નામ અને સરનામાં | | |
| ૪ | ફર્મ રજીસ્ટ્રેશનની વિગતો. (ICAI ની લેટેસ્ટ કોપી સામેલ કરવી) | | |
| ૫ | જી.એસ.ટી રજીસ્ટ્રેશન નંબર (કોપી સામેલ કરવી) | | |
| ૬ | આકસ્મિક સમયે ઓફિસ કલાક બા સંપર્ક થઇ શકે તેવા એજન્સીનાં જવાબદાર વ્યક્તિની વિગત | | |
| | નામ | | |
| | સરનામુ | | |
| | સંપર્ક નંબર ઓફિસ:- | | |
| | રહેઠાણ:- | | |
| ૭ | ટેન્ડરરની બેંક ની વિગત:- | | |
| | બેંકનું નામ:- | | |
| | શાખા:- | | |
| | એકાઉન્ટ નંબર | | |
| | એકાઉન્ટ પ્રકાર:- કરંટ/સેવિંગ્ઝ | | |
| | માઇકર નંબર :- | | |
| | I.F.S.C કોડ | | |
| ૮ | PAN No (કોપી સામેલ કરવી) | | |
| ૯ | પાર્ટનરના નામ તથા તેમની પ્રોફાઇલની માહિતી | | |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | સંસ્થાની વિગતો | | |
| ૧૦.૧ | સંસ્થાનો કુલ અનુભવ | | |
| ૧૦.૨ | પાર્ટનરની સંખ્યા<br>- FCA<br>- ACA<br>- કુલ | | |
| ૧૦.૩ | પેઇડ ની C.A. ની સંખ્યા | | |
| ૧૦.૪ | ઓડિટ સાથે સંકળાયેલ અન્ય સ્ટાફની સંખ્યા<br>- MBA (Finance)<br>- Inter C.A.<br>- M.COM<br>- B.COM<br>- Others | | |
| ૧૦.૫ | છેલ્લા ત્રણ વર્ષની પ્રોફેશનલ ફી / આવક | ૨૦૧૯-૨૦ Rs.<br>૨૦૨૦-૨૧ Rs.<br>૨૦૨૧-૨૨ Rs.<br>ત્રણ વર્ષની સરેરાશ Rs. | |

# A.M.C. MEDICAL EDUCATION TRUST

**Tender No:- 102/2023-24**

**Name Of Work:-** Computerised Accounting in Tally Software,Record Keeping of Vouchers, Statutory Compliances, Bank Payment, Return filing for TDS,PF,ESI,GST etc.

## Annexure - 1

**સંસ્થામાં એકાઉન્ટ/ ઓડિટ / પ્રિ-ઓડીટ/ વકર્સ ઓડીટ કામ સાથે સંકળાયેલ કર્મચારીઓની માહિતી**

| અનું.નં. | કર્મચારીનું નામ | હોદ્દો | કર્મચારીની લાયકાત | સંસ્થામાં જોડાયા તારીખ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

ચાર્ટડ એકાઉન્ટન્ટ પેઢી વતી
સંસ્થા નોંધણી નંબર :

એ.એમ.સી મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ

તા. ........................ ભાગીદાર
સ્થળ : ...................... (સહી અને સિક્કા)

# A.M.C. MEDICAL EDUCATION TRUST

**Tender No:- 102/2023-24**

**Name Of Work:-** Computerised Accounting in Tally Software,Record Keeping of Vouchers, Statutory Compliances, Bank Payment, Return filing for TDS,PF,ESI,GST etc.

## Annexure - 2

| નં. | જરૂરી લઘુતમ માપદંડ | બીડાણ કરવાના પ્રમાણપત્રો |
|---|---|---|
| ૦૧ | ICAI ના સર્ટીફિકેટ પ્રમાણે ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થાની હેડ ઓફિસ છેલ્લા પાંચ વર્ષથી અમદાવાદમાં હોવી જરૂરી છે. | ICAI દ્વારા ઇશ્યુ કરવામાં આવેલ કોન્સ્ટીટયુટનું છેલ્લુ પ્રમાણપત્ર |
| ૦૨ | ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થાનો લઘુત્તમ ૧૫ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે.ચાર્ટડ એકાઉન્ટન્ટ પ્રોપરાયટર ફર્મ સંસ્થાને માન્ય રાખવામાં આવશે નહિ. | ICAI દ્વારા ઇશ્યુ કરવામાં આવેલ કોન્સ્ટીટયુટનું છેલ્લુ પ્રમાણપત્ર |
| ૦૩ | ૦૧-૦૧-૨૦૨૩ના રોજ ઓછામાં ઓછા ૪(ચાર) પાર્ટનર FCA હોવા જરૂરી છે સંસ્થામાં ચાર્ટડ એકાઉન્ટનટની લઘુત્તમ સંખ્યા (પેઇડ C.A.સાથે) ૦૬ હોવી જરૂરી છે. | ICAI દ્વારા ઇશ્યુ કરવામાં આવેલ કોન્સ્ટીટયુટનું છેલ્લુ પ્રમાણપત્ર |
| ૦૪ | ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થામાં એકાઉન્ટ/ ઓડિટ / પ્રિ-ઓડીટ/ વર્કસ ઓડીટ કામનાં અનુભવી ઓછામાં ઓછા ૩૦ કર્મચારી હોવા જરૂરી છે. | એકાઉન્ટ/ ઓડિટ / પ્રિ-ઓડીટ/ વર્કસ ઓડીટ સાથે સંકળાયેલ સ્ટાફની વિગતવાર માહિતી Annexure - 1 |
| ૦૫ | ચાર્ટડ એકાઉન્ટન્ટની સંસ્થાની તા.૩૧-૦૩-૨૦૨૨ ના રોજ પૂર્ણ થતા છેલ્લા ત્રણ વર્ષની એવરેજ પ્રોફેશનલ ફી/ રીસીપ્ટ રૂ. ૧૦૦ લાખ હોવી જરૂરી છે તેમજ તે પૈકી એવરેજ વાર્ષિક આવક ૨૦ લાખ કે તેથી વધુ આવક ગર્વમેન્ટ / સેમી ગર્વમેન્ટ માંથી હોવી જોઇશે.ગર્વમેન્ટ/ સેમી ગર્વમેન્ટ સંસ્થાની આવકને લગતા પુરાવા રજુ કરવા | આવક-ખર્ચનું ખાતું તથા ઇન્કમટેક્સ રીટર્નની છેલ્લા ત્રણ વર્ષની નકલ તથા ગર્વમેન્ટ/સેમી ગર્વમેન્ટ સંસ્થાનાં આવકના પુરાવા |
| ૦૬ | ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થાનો છેલ્લા ત્રણ વર્ષમાં ઓછામાં ઓછી ૩(ત્રણ) ગર્વમેન્ટ/ સેમી ગર્વમેન્ટ સંસ્થાનાં એકાઉન્ટ/ઓડીટ/ પ્રિ-ઓડીટ/ વર્કસ ઓડીટનો અનુભવ હોવો જરૂરી છે. | જે તે સંસ્થાનાં વર્ક ઓર્ડરની નકલો Annexure-4માં વિગત દર્શાવવી |
| ૦૭ | છેલ્લા ૩ વર્ષ પૈકી એક (૧) વર્ષ માટે મેડીકલ/પેરામેડીકલ કોલેજ/હોસ્પિટલનો એકાઉન્ટ/ ઓડીટ/ પ્રિ-ઓડીટ/ વર્કસ ઓડીટનો અનુભવ | જે તે સંસ્થાનાં વર્ક ઓર્ડરની નકલો Annexure-5 માં વિગત દર્શાવવી |

નોધ : (૧) ઉપર જણાવેલ તમામ ડોક્યુમેન્ટ સંસ્થાનાં સિક્કા સાથે www.amc.nprocure.com ઉપર અપલોડ કરવાના રહેશે.

(૨) ઉપર જણાવેલ જરૂરી લઘુત્તમ માપદંડ ધરાવનાર સંસ્થાઓએ ટેન્ડરના તમામ પેપર(ડોક્યુમેન્ટસ) અપલોડ કરવાના રહેશે. ઓનલાઇન અરજી કર્યા વગરનાં ટેન્ડર રદ બાતલ ગણાશે. સંસ્થાની તારવણી આ સાથે સામેલ Annexure-3 માં જણાવેલ યોગ્યતાના માપદંડને આધારે કરવામાં આવશે. ટેક્નીકલ બીડમાં ૭૫ કે તેનાથી વધુ ગુણ મેળવનાર સંસ્થાના જ નાણાંકીય બીડ ખોલવામાં આવશે.

(૩) ફાયનાન્સીયલ બીડ ખોલ્યા બાદ જો એલ-૧ આવનાર એક કરતાં વધુ સંસ્થા હશે તો ટેકનીકલ બીડમાં જે ટેન્ડરરના એનેક્ષર-૩માં ગુણ વધારે હશે તેને કામ આપવામાં આવશે.

**નોંધ : જો ટેકનીકલ બીડમાં કોઇપણ સંસ્થાને ૭૫ કે તેથી વધુ ગુણ ન મળવાના સંજોગોમાં આવેલ ટેકનીકલ બીડ પૈકી મહત્તમ ગુણ મેળવનાર સંસ્થાને કામગીરી સોંપવા બાબતે છુટછાટનો આખરી નિર્ણય મ્યુનિસિપલ કમિશ્નરશ્રી/ચેરમેન AMC MET નો રહેશે.**

# A.M.C. MEDICAL EDUCATION TRUST

## Tender No:- 102/2023-24

**Name Of Work:-** Computerised Accounting in Tally Software,Record Keeping of Vouchers, Statutory Compliances, Bank Payment, Return filing for TDS,PF,ESI,GST etc.

## Annexure - 3

### યોગ્યતાના માપદંડ

| અ.નં. | જરૂરી લઘુત્તમ માપદંડ | વિગત | ગુણ | મહત્તમ ગુણ |
|---|---|---|---|---|
| ૧. | ચાર્ટડ એકાઉન્ટ સંસ્થાનો લઘુત્તમ ૧૫ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. | અનુભવ (વર્ષમાં) | | ૨૦ |
| | | ૧૫ વર્ષ | ૧૦ | |
| | | ૧૬ થી ૨૫ વર્ષ | ૧૫ | |
| | | ૨૬ થી વધુ વર્ષ | ૨૦ | |
| ૨. | ચાર્ટડ એકાઉન્ટ સંસ્થામાં ૦૧-૦૧-૨૦૨૩ ના રોજ ઓછામાં ઓછા ૪(ચાર) પાર્ટનર FCA હોવા જરૂરી છે સંસ્થામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની લઘુત્તમ સંખ્યા (પેઇડ C.A.સાથે) ૦૬(છ) હોવી જરૂરી છે. | **ચાર્ટડ એકાઉન્ટન્ટની સંખ્યા** | | ૨૦ |
| | | ૦૪ FCA , ૦૬ CA | ૧૦ | |
| | | ૫ થી ૬ FCA , ૭ થી ૧૦ CA | ૧૫ | |
| | | ૦૭ કે તેથી વધુ FCA , ૧૧ થી વધુ CA | ૨૦ | |
| ૩. | ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થામાં એકાઉન્ટ/ ઓડિટ / પ્રિ-ઓડીટ/ વકર્સ ઓડીટ નાં કામનાં અનુભવી ઓછામાં ઓછા ૩૫ કર્મચારી હોવા જરૂરી છે. | સ્ટાફની સંખ્યા | | **૨૦** |
| | | ૩૦ થી ૪૦ | ૧૦ | |
| | | ૪૧ થી ૫૦ | ૧૫ | |
| | | ૫૧ અને તેથી વધુ | ૨૦ | |
| ૪ (એ) | ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થાની તા.૩૧-૦૩-૨૦૨૨ ના રોજ પૂર્ણ થતા છેલ્લા ત્રણ વર્ષની એવરેજ પ્રોફેશનલ ફી/ રીસીપ્ટ રૂ.૧૦૦ લાખ હોવી જરૂરી છે. | **છેલ્લા ત્રણ વર્ષની એવરેજ પ્રોફેશનલ ફી/ રીસીપ્ટ** | | ૧૦ |
| | | રૂા ૧૦૦ લાખ થી ૧૫૦ લાખ | ૦૫ | |
| | | ૧૫૦ લાખથી વધુ | ૧૦ | |
| ૪ (બી) | ૪(એ)ની શરત અંર્તગત છેલ્લા ત્રણ વર્ષની એવરેજ પ્રોફેશનલ ફી/ રીસીપ્ટની આવક પૈકી એવરેજ વાર્ષિક આવક ૨૦ લાખ કે તેથી વધુ આવક ગર્વમેન્ટ / સેમી ગર્વમેન્ટ માંથી હોવી જોઇશે. | ૨૦ લાખ થી ૩૦ લાખ સુધીની આવક | ૦૫ | ૧૦ |
| | | ૩૦ લાખથી વધારે આવક | ૧૦ | |
| ૫ | ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થાનો છેલ્લા ત્રણ વર્ષમાં ઓછામાં ઓછી ૩(ત્રણ) ગર્વમેન્ટ/ સેમી ગર્વમેન્ટ સંસ્થાનાં એકાઉન્ટ/ઓડીટ/ પ્રિ-ઓડીટ/ વકર્સ ઓડીટનો અનુભવ હોવો જરૂરી છે. | ગર્વમેન્ટ / સેમી ગર્વમેન્ટ સંસ્થાનાં ઓડીટની સંખ્યા | | ૧૦ |
| | | ૩ થી ૫ | ૦૫ | |
| | | ૬ થી વધુ | ૧૦ | |
| ૬ | છેલ્લા ત્રણ વર્ષમાં ૧વર્ષ માટે મેડીકલ/પેરામેડીકલ કોલેજ/હોસ્પિટલમાં એકાઉન્ટ/ઓડીટ/ પ્રિ-ઓડીટ/ વકર્સ ઓડીટનો અનુભવ | | ૧૦ | ૧૦ |

આ સાથે સામેલ નોટીસની શરતો ધ્યાને લેવા વિનંતી છે.

# A.M.C. MEDICAL EDUCATION TRUST

**Tender No:- 102/2023-24**

**Name Of Work:-** Computerised Accounting in Tally Software,Record Keeping of Vouchers, Statutory Compliances, Bank Payment, Return filing for TDS,PF,ESI,GST etc.

## Annexure - 4

ગર્વમેન્ટ/ સેમી ગર્વમેન્ટ સંસ્થાના એકાઉન્ટ/ ઓડિટ / પ્રિ-ઓડીટ/ વકર્સ ઓડીટ અનુભવની વિગત.

| અનું.નં. | ગર્વમેન્ટ/ સેમી ગર્વમેન્ટ સંસ્થાનું નામ | આવક/ફીની વિગત | કરેલ કામની વિગત ((એકાઉન્ટ/ઓડિટ / પ્રિ-ઓડીટ/ વકર્સ ઓડીટ) | સમય ગાળો |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

ચાર્ટડ એકાઉન્ટન્ટ પેઢી વતી

સંસ્થા નોંધણી નંબર :

એ.એમ.સી મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ

તા. ........................

સ્થળ : ......................

ભાગીદાર

(સહી અને સિક્કા)

# A.M.C. MEDICAL EDUCATION TRUST

**Tender No:- 102/2023-24**

Name Of Work:- Computerised Accounting in Tally Software,Record Keeping of Vouchers, Statutory Compliances, Bank Payment, Return filing for TDS,PF,ESI,GST etc.

## Annexure - 5

**છેલ્લા ત્રણ વર્ષમાં મેડીકલ/પેરામેડીકલ કોલેજ/હોસ્પિટલમાં એકાઉન્ટ/ઓડીટ/પ્રિ-ઓડીટ/ વકર્સ ઓડીટનો અનુભવ**

| અનું.નં. | મેડીકલ/પેરામેડીકલ કોલેજ/હોસ્પિટલનું નામ | કરેલ કામની વિગત (એકાઉન્ટ/ઓડિટ / પ્રિ-ઓડીટ/ વકર્સ ઓડીટ) | સમય ગાળો |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

ચાર્ટડ એકાઉન્ટન્ટ પેઢી વતી

સંસ્થા નોંધણી નંબર :

એ.એમ.સી મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ

તા. ........................

સ્થળ : ......................

ભાગીદાર

(સહી અને સિક્કા)

# A.M.C. MEDICAL EDUCATION TRUST

## Tender No:- 102/2023-24

## Annexure -6

## Financial Bid (To be Submitted Online Only)

| Nature of Work | NO.of Men power to be deployed | Professional Fees for Accounting work (Monthly) |
|---|---|---|
| Computerised Accounting in Tally Software,Record Keeping of Vouchers,Statutory Compliances, Bank Payment, Return filing for TDS,PF,ESI,GST etc. | 1 (One) Full Time C.A With 3 Years experiance<br><br>2 (Two) Full Time M.Com or Inter CA Pass or MBA (Finance) staff (expert in Tally Account)<br><br>3(Three) Full Time B.Com. Pass staff (expert in Tally Account) All this staff seat at AMC MET head Office<br><br>And 5 (Five) Full Time B.Com Pass (M.Com preferable) Staff (expert in Tally Account) each one at 3 colleges and 1 hospital i.e. NHL MMC, AMC MET Medical College, Dental College, SVPIMSR Hospital & one combine between SBB College and Nursing College | In Figure:-<br><br>In Words:- |

- GST will be paid extra
- Price may be Quoted for monthly
- Minimum fees of Rs.1,60,000/- P.M. has been defined
- Partner of Firm may be overall incharge of assignment

**Signature of Contractor** **A.M.C. MEDICAL EDUCATION TRUST**

# એ. એમ. સી. મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ

એન.એચ.એલ. મ્યુનિ. મેડીકલ કોલેજ, એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦૦૦૬

## Tender No. 102/2023-24

**Name of Work :-** Computerised Accounting in Tally Software,Record Keeping of Vouchers, Statutory Compliances, Bank Payment, Return filing for TDS,PF,ESI,GST etc.

| | | |
|---|---|---|
| ટેન્ડર ફી રૂપિયા | | **ટેન્ડર ફોર્મની ફી રૂા.૧૫૦૦=૦૦**<br>**ટેન્ડર ફી ડી.ડી. / પે ઓર્ડરથી જમા કરવાની રહેશે.** |
| અર્નેસ્ટ મની ડીપોઝીટ રૂપિયા | | **રૂા.૧,૦૦,૦૦૦=૦૦**<br>**અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ ડી.ડી. / પે ઓર્ડરથી ભરવાની રહેશે.** |
| ટેન્ડર વેલીડીટી | | **૧૨૦ દિવસ (પ્રાઇઝ બીડ ખોલ્યા તારીખથી)** |
| સિક્યોરીટી ડીપોઝીટ | | **મંજુર ટેન્ડર રકમનાં ૫ %** |
| કામની સમય મર્યાદા | | **૨ (બે)વર્ષ** |
| ટેન્ડર ઓનલાઇન સબમીટ કરવાની છેલ્લી તારીખ અને સમય | | **તા. ૨૫/૦૭/૨૦૨૩ સમય ૦૩.૦૦ કલાક સુધી** |
| ટેન્ડર ડોક્યુમેન્ટ ફીઝીકલ સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | | **તા. ૨૫/૦૭/૨૦૨૩ સમય ૪.૦૦ કલાક સુધી** |
| ટેન્ડર ડોક્યુમેન્ટ ફીઝીકલ સ્વીકારવાનું સરનામુ | | ડાયરેક્ટર,એ.એમ.સી.મેટશ્રીની કચેરી,<br>એન.એચ.એલ.મેડીકલ કોલેજ, એલીસબ્રીજ,અમદાવાદ ૩૮૦૦૦૬ |
| ટેન્ડર ટેકનીકલ બીડ ખોલવાની તારીખ તથા સમય | | **તા. ૨૫/૦૭/૨૦૨૩ સમય ૫.૦૦ કલાકે સાંજે** |
| ટેન્ડરની ટેકનિકલ બીડની હાર્ડ કોપી ખોલવાનું સરનામું | | ડાયરેક્ટર,એ.એમ.સી.મેટશ્રીની કચેરી,<br>એન.એચ.એલ.મેડીકલ કોલેજ, એલીસબ્રીજ,અમદાવાદ ૩૮૦૦૦૬ |

૧. Computerised Accounting in Tally Software,Record Keeping of Vouchers, Statutory Compliances, Bank Payment, Return filing for TDS,PF,ESI,GST etc. **ટુ-બીડ** Tender **ટેન્ડર નંબર- ૧૦૨/૨૦૨૩-૨૪ થી મંગાવેલ છે.** સંપુર્ણ વિગતો ભરેલા ટેન્ડર અંતિમ **તાઃ ૨૫/૦૭/૨૦૨૩ નાં રોજ** ૦૩.૦૦ વાગ્યા સુધીમાં ટેન્ડરમાં માંગેલ ડોક્યુમેન્ટની સ્કેન કોપી સાથે ઓનલાઇન સબમીટ કરવાનાં રહેશે તેમજ ભરેલ ટેન્ડર ડોકયુમેન્ટ સાથે ઓનલાઇન સબમીટ કરેલ પૂરાવાઓની કોપી, ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. સીલબંધ કવરમાં અંતિમ **તાઃ ૨૫/૦૭/૨૦૨૩ નાં રોજ ૪.૦૦ વાગ્યા** સુધીમાં ઉપર જણાવેલ સરનામે રૂબરૂ/ રજી.એ.ડી./ સ્પીડ પોસ્ટ કે કુરીયર મારફતે મોકલવાનાં રહેશે. સાદી પોસ્ટ દ્વારા મોકલાવવામાં આવેલ તથા નિર્ધારીત સમય બાદ મળેલાં ટેન્ડર રદ ગણવામાં આવશે.

૨. આ કામનાં ટેન્ડર ડોક્યુમેન્ટ www.amcmet.org અને https://amc.nprocure.com વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

૩. ટેન્ડરમાં માંગેલ તમામ વિગતો તથા બિડવાના તમામ ડોક્યુમેન્ટ શરતો મુજબ ઇ-ટેન્ડર મારફતે સબમીટ કરવાના રહેશે. ઇ-ટેન્ડર મારફતે સબમીટ કરેલ ટેન્ડરની ટેકનિકલ બીડની કોપી તમામ બિડાણ સાથે ઉપર જણાવેલ સરનામે સમય મર્યાદામાં ફીઝીકલ પણ સબમીટ કરવાની રહેશે. ટેન્ડરર દ્વારા બન્નેમાંથી કોઇ એક જ રીતે મોકલાવેલ ટેન્ડર રદ ગણવામાં આવશે.

૪. ઓનલાઇન ટેન્ડર https://amc.nprocure.com ઇન્ટરનેટ સાઇટ પરથી સબમીશન કરી શકાશે. રસ ધરાવતા ટેન્ડરર ઉપર જણાવેલ વેબસાઇટ પરથી ડીટેઇલ ટેન્ડર નોટીસ જોઇ શકશે તેમજ ડાઉનલોડ પણ કરી શકશે. ઓનલાઇન ટેન્ડર ભરવા માટે બિડરે ઉપર જણાવેલ વેબસાઇટમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરાવેલ નવા બિડરે લોગઇન આઇ.ડી. અને પાસવર્ડ ક્રિએટ કરવો પડશે. આ ટેન્ડર ભરવા ઇચ્છતા બિડરે ઇ-ટેન્ડર બિડમાં ડીજીટલ સાઇન માટે ડીજીટલ સર્ટીફિકેટ મેળવવાનું રહેશે. બિડર આવું સર્ટીફિકેટ સી.સી.એ. માન્ય સર્ટીફાઇડ એજન્સી અથવા M/S. (n) code solution 301, G.N.F.C. Info Tower, Nr. Grand Bhagvati Hotel, Ahmedabad-380015. India. Tele : +91 79 26857316, 26857317, 26857318 E_mail : url:https://amc.nprocure.com નો સંપર્ક કરી મેળવી શકશે. નવું રજીસ્ટ્રેશન કરાવનાર બિડરે જ ઉપર જણાવેલ પ્રક્રિયા કરવાની રહેશે. ઇ-ટેન્ડરમાં બિડીંગ કરવા બાબતે વધુ જાણકારી માટે ઉપર જણાવેલ સરનામે સંપર્ક કરવાનો રહેશે.

ઇ-ટેન્ડર ભરનાર બિડરે ટેન્ડર ફી, ઇ.એમ.ડી., ટેકનિકલ ક્રાઇટેરીયા, અનુભવ અને પ્રાઇઝ બિડની વિગતો પ્રિ-ડીફાઇન ફોર્મમાં ભરીને ઇ-ટેન્ડરીંગ કરવાનું રહેશે. ટેન્ડરમાં માંગેલ રેફરન્સ ડોક્યુમેન્ટસની સ્કેન કોપી અપલોડ કરવાની રહેશે. અપલોડ કરેલ ડોકયુમેન્ટને જ ધ્યાને લઇને ટેન્ડર ટેકનીકલી ક્વોલીફાય થાય છે કે નહિ તે જોવામાં આવશે.

પ્રિ-ડીફાઇન ફોર્મમાં માંગેલ ડેટા ભર્યા બાા બિડર દ્વારા ફાઇનલ સબમીશનનાં બટન પર ક્લીક કરી બિડ ઓનલાઇન સબમીટ કરવાની રહેશે. બિડરે ટેન્ડર ફી, ઇ.એમ.ડી., ટેકનિકલ બિડ ડોક્યુમેન્ટ અને રેફરન્સ ડોક્યુમેન્ટની હાર્ડ કોપી ટેન્ડરમાં જણાવ્યા મુજબ અલગથી ટેકનિકલ બીડનાં કવરમાં સબમીટ કરવાની રહેશે.

૫. ટેન્ડરની ટેકનીકલ બીડની હાર્ડ કોપી ઓરીજીનલ અને ડુપ્લીકેટ એમ બે નકલમાં ભરીને ટેકનિકલ બીડ સાથે માંગેલ તમામ ડોકયુમેન્ટસના બિડાણ સાથે એક મોટા સીલબંધ કવરમાં બંધ કરી ફીઝીકલ સબમીટ કરવાની રહેશે.

❖ કવર ઉપર "ટેકનીકલ બીડ" લખવાનું રહેશે અને તેની અંદર ટેન્ડર ફી અને ઇએમડી (ડી.ડી./પે ઓર્ડર દ્વારા) સંપુર્ણ રીતે ભરેલ ટેન્ડર ફોર્મ તેમજ ફોર્મમાં જણાવેલ અનુભવની વિગતો અને તેમાં જણાવ્યા મુજબનાં પ્રમાણપત્રો ડોક્યુમેન્ટસ વિગેરે સામેલ કરવાના રહેશે. ટેન્ડરની ફાઇનાન્સીયલ બીડ ટેન્ડરરે ઓનલાઇન જ સબમીટ કરવાની રહેશે. ફાઇનાન્સીયલ બીડ ઓનલાઇન સબમીટ કર્યા વિના ટેકનિકલ બીડ મોકલનાર ટેન્ડરરનું ટેડર રદ ગણાશે.

❖ ટેકનિકલ બીડનાં કવર ઉપર ટેન્ડરરે સ્વચ્છ અક્ષરોથી કામનું  નામ, ટેન્ડર નંબર  નોટિસ નંબર, ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખની વિગતો લખી સીલ કવર **ડાયરેક્ટર, એ.એમ.સી.મેટશ્રીની કચેરી, એન, એચ.એલ મેડીકલ કોલેજ, એલીસબ્રીજ અમદાવાદ-૩૮૦૦૦૬** સરનામે નિર્ધારીત સમયમાં મોકલવાનું રહેશે.

૬. ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટની ભરવાપાત્ર રકમનો ડી.ડી./ પે.ઓર્ડર AMC Medical Education Trust ના નામનો બનાવવાનો રહેશે. ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટનો  ડી.ડી./ પે.ઓર્ડર ટેકનીકલ બીડનાં કવરમાં ટેન્ડર ફોર્મ સાથે સામેલ કરી મોકલવાનો રહેશે.

૭. ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ વીનાના કે ઓછી રકમની ટેન્ડર ફી કે ઇ.એમ.ડી. ભરેલા ટેન્ડર રદ ગણવામાં આવશે.

૮. અધુરી કે ખોટી વિગતોવાળુ તથા ટેન્ડર ફોર્મમાં સહી-સિક્કા વગરનું ટેન્ડર રદ્દ ગણવામાં આવશે.

૯. જોઇન્ટ વેન્ચર/કોન્સોટોરીયમ (માન્ય રાખી શકાશે નહી)નું ટેન્ડર રદ ગણવામાં આવશે

૧૦. મળેલ ટેન્ડરોનાં ટેકનિકલ બીડનાં કવર ટેન્ડરરોની હાજરીમાં નિર્ધારીત તારીખ અને સમયે ખોલીને ટેન્ડરોનું મૂલ્યાંકન કરવામાં આવશે. મૂલ્યાંકન બાદ ટેકનીકલી કવોલીફાય થયેલ ટેન્ડરરનાં ટેન્ડરની પ્રાઈસબીડ નકકી થયેલ તારીખે ખોલવામાં આવશે. ટેકનિકલ કવોલીફાય થયેલ ટેન્ડરરોને પ્રાઇસ બીડ ખોલવાની તારીખ તથા સમયની અગાઉથી જાણ કરવામાં આવશે.

૧૧. ટેન્ડર વેલીડીટી પીરીયડ પ્રાઇઝ બીડ ખોલ્યા તારીખથી ૧૨૦ દિવસનો રહેશે.

૧૨. મંજુર થયેલ ટેન્ડરનાં ટેન્ડરરને વર્ક ઓર્ડર મળ્યેથી દિન-૧૫ માં મંજુર ટેન્ડર રકમનાં  ૫% (પાંચ ટકા) સીકયોરીટી ડીપોઝીટ જમા કરાવવાની રહેશે. કામની સમયમર્યાદા વર્ક ઓર્ડરમાં દર્શાવેલ કામ શરુ  કરવાની તારીખથી ગણાશે. સિક્યોરીટી ડિપોઝીટ ડિમાન્ડ ડ્રાફટ / પે-ઓર્ડર / બેન્ક ગેરેન્ટી (અ.મ્યુ.કો.નાં નાણાં ખાતા દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના મુજબ) ના સ્વરૂપે જમા કરવાની રહેશે. બેંક ગેરંટીનાં સંજોગોમાં બેંક ગેરંટીનો સમયગાળો કામની મુદત પૂર્ણ થયા બાદનાં ૩ (ત્રણ) માસ સુધીનો રાખવાનો રહેશે. કોન્ટ્રાકટ પેપર ટેન્ડરરે લાવવાનો રહેશે. ટેન્ડરરે ભરેલ સિકયોરીટી ડીપોઝીટ ટેન્ડરનું કામ સંતોષકારક રીતે પૂર્ણ થયાનું વર્ક કમ્પલીશન સર્ટીફિકેટ તથા ફાઇનલ બીલ આપ્યાનાં ત્રણ માસ બાદ પરત કરવામાં આવશે. સીકયોરીટી ડીપોઝીટ ઉપર કોઈ વ્યાજ ચુકવવામાં આવશે નહી.

૧૩. કોન્ટ્રાક્ટર દ્વારા વર્ક ઓર્ડર મળ્યેથી દિન-૧૫ માં સિક્યુરીટી ડીપોઝીટ ભરી દેવાની રહેશે. નિયત સમયમર્યાદામાં સિક્યુરીટી ડીપોઝીટ ભરવામાં નહી આવે તો પ્રતિદિન રૂા.૧૦૦૦/- પેનલ્ટી વસુલવામાં આવશે. તેમજ વર્ક ઓર્ડરમાં દર્શાવેલ તારીખે કામ શરૂ કરવામાં નહી આવે તો ત્યારબાદ પ્રતિદિન રૂા.૧૦૦૦/- પેનલ્ટી ગણી વસુલવામાં આવશે. કોન્ટ્રાક્ટર દ્વારા પુરતી સંખ્યામાં સ્ટાફની નિમણૂક થયેલ નહિ હોય તો પ્રત્યેક કર્મચારી દીઠ દૈનિક રૂ.૫૦૦/-લેખે પેનલ્ટી લેવામાં આવશે.

૧૪. કુદરતી આફત જેવી કે રોગચાળો,ધરતીકંપ,વાવાઝોડુ વિગેરે જેવા અસામાન્ય સંજોગોમાં સ્ટાફની ગેરહાજરીની પેનલ્ટી લેવામાં આવશે નહી.

૧૫. **Not More than one tender shall be submitted by a contractor or by a firm of contractors. No two or more concerns in which an individual is interested as a proprietor and / or a patner & / or director shall submit tender for the execution of the same work / tender. If they do so all such tender shall be liable to be rejected.**

૧૬. બીડર / પેઢીએ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓ, પ્રમાણપત્ર, સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરાયેલ હોવા જોઇએ તેમજ ટેન્ડર ઓપનીંગ તારીખે માન્ય/વેલીડ હોવા જોઇએ. ટેન્ડરમાં દર્શાવેલ ફીઝીકલ ડોક્યુમેન્ટસ રજૂ કરવા અંગેની નિયત તારીખ બાદ બીડર / પેઢી દ્વારા રજૂ કરેલ કોઇપણ મૂળભૂત દસ્તાવેજી પુરાવાઓ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી, તેમજ ટેકનિકલ બીડના ઓપનીંગ બાદ ખૂટતા દસ્તાવેજી

પુરાવા માટે કોઇ પૂર્તતા કરવાની રહેશે નહી/પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી તેમજ જો કોઇ વધારાની ચકાસણી અથવા પૂર્તતા સંબધિત ખાતાને જરૂરીયાત જણાશે તેવા સંજોગોમાં ડે.મ્યુનિ. કમિશનરશ્રીની પૂર્વ મંજુરી મેળવી ટેન્ડર ઇવોલ્યુએશન કરવામાં આવશે. જો કોઇ પૂરાવા ઓનલાઇન રજૂ કરેલ ન હોય પરંતુ ટેકનિકલ બીડમાં સપોર્ટીંગ ડોક્યુમેન્ટ સાથે રજૂ કરેલ હશે તેને માન્ય રાખવામાં આવશે નહિ.

૧૭. ટેન્ડરની કામગીરીમાં વધુ પારદર્શિતા આવી શકે તેમજ યોગ્ય બીડરનું સિલેક્શન થાય તે માટે

**Disqualification :**

- **Even though the Applicants meet the required criteria, they are subject to be disqualified if Applicant or any of its constituent partner/s, director/s have: - Made misleading or false representation in the forms, statements, and attachments submitted; or - Been debarred or terminated or blacklisted by Central Govt. organization / State Govt. organization / AMC / Any Municipal Corporation / ULBs etc.**
- **If, any of the directors, partners or the proprietor has a criminal history or has been convicted by any court of law for any of the offenses under any Indian laws.**
- **If, any criminal proceeding is pending in any court of law in India against any of the directors, partners or a proprietor and if any such proceeding culminates intoconviction.**

૧૮. ટેન્ડર ટેકનિકલ બીડ ખોલ્યા પછી અને પ્રાઇઝ બીડ ખોલતા પહેલા જે તે ટેન્ડર ભરનાર એજન્સી દ્વારા વાંધા/ફરીયાદો કરી શકાશે. જો પ્રાઇઝ બીડ ખોલ્યા બાદ ટેન્ડર ભરનાર કોઇ એજન્સી દ્વારા વાંધા/ફરીયાદ કરવામાં આવશે તો તેને ટેન્ડર પ્રક્રિયા પર અસર કરવાના આશયથી અને સક્ષમ સત્તા પર દબાણ કરવાનાં આશયથી ફરીયાદ કરવામાં આવેલ છે તેમ માની વાંધા/ફરીયાદ કરનાર એજન્સીને ટેન્ડર પ્રક્રિયામાંથી ૫(પાંચ) વર્ષ સુધી Debar કરવામાં આવશે અને અર્નેસ્ટમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. ફરીયાદો/વાંધા ટેન્ડર ભરનાર એજન્સી દ્વારા કરવામાં આવેલ નહી હોય તો તેને ચકાસણી વગર જ દફતરે કરવામાં આવશે.

૧૯. ટેન્ડર વેલીડીટીની સમયમર્યાદા દરમ્યાન સ્વેચ્છાએ ટેન્ડર પાછુ ખેંચી શકાશે નહી. વર્ક ઓર્ડર આપ્યા બાદ સમયમર્યાદામાં કામ શરૂ ન કરવા અથવા અનિયમિત અને વિલંબ કરવા બદલ ટેન્ડરરની ઇ.એમ.ડી. તથા સીક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરી બ્લેક લીસ્ટ કરવા સુધીનાં પગલા ભરવામાં આવશે.

૨૦. ટેન્ડરર કામ બાબતે કોઇ પેટા કોન્ટ્રાકટ આપી શકશે નહી.

૨૧. શરતી ટેન્ડર રદ ગણવામાં આવશે.

૨૨. આ કોન્ટ્રાકટની શરતો બાબતે કોઇપણ વાદવિવાદ ઉભો થાય તો તે અંગે ચેરમેનશ્રી(એ.એમ.સી મેટ)નો નિર્ણય આખરી રહેશે.

૨૩. ટેન્ડર સંબંધિત કોઈપણ વાદ-વિવાદ માટેનું કાયદાકીય કાર્યક્ષેત્ર અમદાવાદ શહેર કોર્ટ વિસ્તાર રહેશે.

૨૪. ફાયનાન્સીયલ બીડમાં ટેન્ડરરે કયા માસિક ભાવે કામ કરવા માંગે છે તે દર્શાવવાનું રહેશે.

૨૫. પ્રિ ઓડીટ અને એકાઉન્ટીગના બન્ને ટેન્ડરમાં એક જ પાર્ટી એલ-૧ તરીકે ક્વોલીફાય થશે તો બન્ને પૈકી કોઇ એક જ ટેન્ડર પાર્ટી પોતાની સંમતિથી નક્કી કરી શકશે.જે ટેન્ડર માટે એલ-૧ પાર્ટી અસમંતિ દર્શાવશે તે ટેન્ડર એલ-૨ આવેલ પાર્ટી એલ-૧ના ભાવે કામ

કરવા સમંતિ આપશે તો તેને આપવામાં આવશે.જો એલ-૨ આવેલ પાર્ટી એલ-૧ના ભાવે કામ કરવા સમંત નહિ થાય તો ચેરમેનશ્રી,એએમસી મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ નો નિર્ણય આખરી રહેશે. (બન્ને ટેન્ડર કોઇ એક પાર્ટીને આપવામાં આવશે નહિ.)

૨૯. ટેન્ડરરની જાણકારી માટે નીચે છેલ્લા ત્રણ વર્ષના એકાઉન્ટ સંબધિત વ્યવહારોની વિગત દર્શાવેલ છે.

| AMC MET Stastical Data | | | | |
|---|---|---|---|---|
| **Financial Year** | **FY 2019-20** | **FY 2020-21** | **FY 2021-22** | **2022-23 Up to 31.01.2023** |
| **Nos. Of Voucher (Total)** | 21909 | 38651 | 33628 | 34058 |
| **Purchase Voucher (Expenses & Capital Purchase)** | 4610 | 4654 | 3985 | 3887 |
| **Vendor Payment Voucher** | 4023 | 4253 | 4151 | 3949 |
| **Esta. Payment Voucher (Salary,stipend, Internship, Workcharges)** | 2524 | 2378 | 1955 | 1052 |
| **General Voucher (J V & Contra)** | 4609 | 15139 | 13834 | 10605 |
| **Bank Receipt, Fee Receipt Sales, Cash Receipt, Cash Payment** | 6143 | 12227 | 9703 | 14565 |

સદર બીલોની સંખ્યા પાછલા વર્ષોની કામગીરી દર્શાવે છે. ટેન્ડર મેળવનાર સંસ્થાએ તેઓની કામકાજની મુદત દરમ્યાન ટેન્ડરમાં દર્શાવ્યા મુજબની તમામ કામગીરી કરવાની રહેશે.

૩૦. સેમી ગર્વમેન્ટ સંસ્થામાં નેશનલાઇઝ બેન્ક, સરકારી ઇન્સયોરન્સ કંપની, સરકારનાં અલગ અલગ નીગમો, સરકાર સંચાલિત ટ્રસ્ટ, યુ.એલ.બી. સંચાલિત ટ્રસ્ટ નો સમાવેશ થશે. સરકાર દ્વારા સંચાલીત કંપની, નીગમોનો સમાવેશ થાય છે.

૩૧. **એકાઉન્ટીગના કામની શરતો :-**

૧. એ.એમ.સી.મેડીકલ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત કોલેજો તેમજ તેને સંલગ્ન હોસ્પિટલોની આવક - જાવકના હિસાબો તથા રેવન્યુ તથા કેપિટલ ખર્ચનાં ઓફર/કવોટેશન/ટેન્ડર, સરકારી/અર્ધ સરકારી સંસ્થાઓને/અ.મ્યુ.કો.ની સંસ્થાઓને ચુકવવામાં આવતા નાણાં/લોન/એનર્જી/સહાય તથા આંતરિક વ્યવ્હારો અંગેના બીલોના પેમેન્ટ તથા તેના એકાઉન્ટને લગતુ કામ કરવાનું રહેશે.

૨. એ.એમ.સી.મેડીકલ એજયુકેશન ટ્રસ્ટના પ્રવર્તમાન નીતિ નિયમો, પરિપત્રો તથા જે તે ઓથોરીટીને મળેલ સત્તાની મર્યાદાને ધ્યાનમાં રાખીને તથા એ.એમ.સી મેટના નોર્મ્સ તથા એકાઉન્ટના નિયમ મુજબ બીલોના પેમેન્ટ તથા તેના એકાઉન્ટ અંગેનું કામ કરવાનું રહેશે.

૩. એ.એમ.સી.મેડીકલ એજયુકેશન ટ્રસ્ટની મુખ્ય ઓફીસ ખાતે આવક - જાવકના હિસાબો, બીલોનાં પેમેન્ટ અંગેની બેંક એડવાઇઝ તૈયાર કરવાની કામગીરી કરવાની રહેશે.

૪. એકાઉન્ટની કામગીરી મેળવનાર જે તે સંસ્થાએ એ.એમ.સી.મેટની મુખ્ય ઓફિસમાં માટે ૦૧ ચાર્ટડ એકાઉન્ટન્ટ(ફુલ ટાઇમ,૩ વર્ષનો અનુભવ)તથા ઓછામાં ઓછા ૨ કલાર્ક(એમ.કોમ અથવા ઇન્ટર સી.એ અથવા એમબીએ (ફાયનાન્સ), ૩ બી.કોમ પાસ (એમ.કોમ ઇચ્છનીય) ટેલી એકાઉન્ટના જાણકાર સ્ટાફ સાથે સંપૂર્ણ ઓફિસ સમય માટે નિમણૂક કરી કામગીરી કરવાની રહેશે.સ્ટાફે ફુલ ટાઇમ એ.એમ.સી.મેટની ઓફિસમાં બેસીને એકાઉન્ટ તથા તેને સંબધિત કામગીરી કરવાની રહેશે તથા સી.એ.એ ફુલ ટાઇમ હાજર રહીને એકાઉન્ટ તથા તેને સંબધિત કામગીરી યોગ્ય રીતે કરવાની તથા કરાવવાની રહેશે. તદ ઉપરાંત

એન.એચ.એલ,મેડીકલ કોલેજ (વી.એસ.હોસ્પિટલ કંપાઉન્ડ) એ.એમ.સી.મેટ મેડીકલ કોલેજ એલ.જી.હોસ્પિટલ કંપાઉન્ડ, એ.એમ.સી.મેટ ડેન્ટલ કોલેજ ખોખરા તેમજ એસવીપી હોસ્સ્પિટલ ખાતે એક એક કલાર્ક તથા એસ.બી.બી ફીઝીયોથેરાપી કોલેજ (વી.એસ.હોસ્પિટલ કંપાઉન્ડ) તથા એ.એમ.સી.મેટ નર્સિંગ કોલેજ (વી.એસ.હોસ્પિટલ કંપાઉન્ડ) ખાતે એક કલાર્ક એમ કુલ ૫(પાંચ) કલાર્ક બી.કોમ પાસ,ટેલી એકાઉન્ટ જાણકાર મૂકી કોલેજ કક્ષાએ એકાઉન્ટીંગની કામગીરી કરવાની રહેશે. ઉપરોક્ત વ્યવસ્થા સૂચિત વ્યવસ્થા છે. તેમાં જરૂરિયાત મુજબ વખતોવખત એ.એમ.સી. મેટ ઓફિસ દ્વારા સૂચવવામાં આવે તે કોલેજ/જગ્યા ખાતે સ્ટાફ મૂકવાનો રહેશે.

૫. નિમણૂક કરેલ તમામ સ્ટાફનાં નામ, ફોટો અને મોબાઇલ નંબર સાથેનું લિસ્ટ વર્ક ઓર્ડર સમયે આપવાનું રહેશે. તમામની આવવા તથા જવાની હાજરી બાયો મેટ્રીકસથી નોંધવાની રહેશે.

૬. કામના ભારણને ધ્યાનમાં રાખીને ટેન્ડરમાં દર્શાવ્યા કરતાં વધારાનો સ્ટાફ હાજર રાખીને કામગીરી રોજે રોજ પૂર્ણ કરાવવાની રહેશે.

૭. સંસ્થાના કોઈ એક પાર્ટનરે ઓવરઓલ ઇન્ચાર્જ તરીકે સુપરવીઝન કરવાનું રહેશે.તેમજ કામગીરીનો રીપોર્ટ દર માસે એએમસી મેટની ઓફિસમાં આપવાનો રહેશે.

૮. બેંક સાથે સંકલનમાં રહીને બેંકમાંથી આવતા CMS ઇઝી પે,Offline, Online, RTGS/NEFT ના મેઇલ દરેક કોલેજને મોકલવા

૯. CMS ઇઝી પે ડેટા સાથે દરેક કોલેજની ફી રીસીપ્ટ ચેક કરવી.

૧૦. મિસ મેચ રીસીપ્ટ ડેટા અંગે સંબધિત કોલેજ, ફી કલાર્ક સાથે સંકલન કરવું.

૧૧. ફીક્સ ડીપોઝીટ રેટ મંગાવી ફીક્સ ડીપોઝીટ મુકવાની તથા સંસ્થાને વધુમાં વધુ લાભ થાય તે પ્રમાણે ફીક્સ ડીપોઝીટ વટાવવાની

૧૨. પ્રિ-ઓડીટ અને એસવીપી હોસ્પિટલમાંથી આવેલ બીલો એકત્રિત કરી એએમસી મેટ અને એસવીપી હોસ્પિટલની પાર્ટીઓના પેમેન્ટની એડવાઇઝ તૈયાર કરવી.

૧૩. પેમેન્ટ માટે તૈયાર કરેલ પેમેન્ટની એડવાઇઝની મંજુરી લઇ બેંકમાં મેઇલ કરવી.

૧૪. પેમેન્ટ માટે આવેલ પાર્ટીના બીલોમાં રાજ્ય/કેન્દ્ર સરકારના નિયમો મુજબ GST,GST TDS તથા રૂટિન TDS,પાર્ટી TDS ની કપાત કોલેજ અને હોસ્પિટલ પ્રમાણે વર્ગીકરણ સાથે કરવાની તથા તે જે તે સરકારી સંસ્થામાં નિયત સમય મર્યાદામાં જમા કરાવવાની તથા તેનું રેકર્ડ વ્યવસ્થિત રાખવાની કામગીરી કરવાની રહેશે.

૧૫. દરેક કોલેજો અને એસવીપી હોસ્પિટલ તેમજ ડેન્ટલ હોસ્પિટલની એકત્રિત થયેલ ફીનું હેડવાઇઝ હિસાબો વર્ગીકરણ સાથે અને કોસ્ટ સેન્ટર પ્રમાણે (કોલેજ અને હોસ્પિટલ) પ્રમાણે રાખવા

૧૬. દરેક કોલેજો અને એસવીપી હોસ્પિટલ તેમજ ડેન્ટલ હોસ્પિટલમાં થયેલ આવક તેમજ એકાઉન્ટને લગતી તમામ કામગીરી કરવાની રહેશે.

૧૭. દરેક હિસાબોનું બેંક સ્ટેટમેન્ટ સાથે રીકન્સીલેશન કરવું.

૧૮. ફીક્સ ડીપોઝીટ રીસીપ્ટોનું રીકન્સીલેશન

૧૯. સેલેરી એકસલ શીટનું સેલેરી આઉટર સાથે ચેકીંગ/તમામ સ્ટાફને દર માસની સેલેરી સ્લીપ ઇસ્યુ કરવી તેમજ બાર માસનું પગારનું પત્રક જે તે કોલેજને ઇસ્યુ કરવું.

૨૦. એસવીપી હોસ્પિટલના આવક તથા ખર્ચની વધ ઘટનો રીપોર્ટ દર માસે કરવાનો રહેશે.

૨૧. સેલેરી પેમેન્ટની એડવાઇઝ તૈયાર કરવી.

૨૨. માસિક ઇપીએફ કપાતની ગણતરી ઇપીએફ જમા કરાવવાનું ચલન બનાવી બેંક દ્વારા જમા કરાવવું.

૨૩. માસિક પ્રોફેશનલ ટેક્ષ કપાતની ગણતરી કરી ચલન તૈયાર કરી જમા કરાવવું.

૨૪. દરેક પ્રકારના વાઉચર સંબધિત બીલો સાથે જોડવા

૨૫. આગળના મહિના અંગેનું પ્લાનિંગ કરવાનું

૨૬. નાણાંકીય ફંડની પરિસ્થિતિ અંગે નિયમિત માહિતી પુરી પાડવાની રહેશે.

૨૭. માસિક GST ની ગણતરી કરી તેનું ચલન તૈયાર કરી તે જમા કરાવવાની તથા GST નું રીર્ટન ફાઇલ કરવાની

૨૮. માસિક GST TDS નો ડેટા તૈયાર કરી અને રીર્ટન ફાઇલ કરવાની

૨૯. GST ઓડીટ કરાવવું.

૩૦. વાર્ષિક ઓડીટ અને તેને સંબધિત રીપોર્ટ તૈયાર કરવા (બેલેન્સ શીટ અને પ્રોફીટ અને લોસ એકાઉન્ટ એનેક્ષર સાથે)

૩૧. બજેટ બુકીગ માટે વ્યવસ્થા ગોઠવવી.

૩૨. વાર્ષિક બજેટ બનાવવામાં મદદરૂપ થવું તથા નિયમિત સમયાંતરે ખરેખર થયેલ ખર્ચ અને બજેટની સરખામણી કરવી.

૩૩. ઇન્કમટેક્ષ એકટનું સંપૂર્ણ પાલન થાય તે મુજબ હિસાબો કરવા,ખાસ કરીને TDS કપાત અને TDS પેમેન્ટ તેમજ તેનું અને ઇન્કમટેક્ષનું રીર્ટન નિયત સમય મર્યાદામાં ફાઇલ કરવું.

૩૪. ઇન્ટરનલ અને સ્ટેચ્યુટરી ઓડીટ કરાવવું તથા તેની કવેરીનો નિકાલ કરવો તથા એકાઉન્ટીગ તથા ફાયનાન્સીયલ માહિતી જુદી જુદી ઓથોરીટીઓને માંગે ત્યારે પૂરી પાડવી.

૩૫. ફોર્મ ૧૬ અને ટીડીએસ રીટર્ન માટે પગારના ડેટા મેઇન્ટેઇન કરવા

૩૬. કોન્ટ્રાકટર, પ્રોફેશનલ અને પગારમાંથી કપાત કરેલ ટીડીએસ દર માસે બેંકમાં જમા કરાવવી.

૩૭. ત્રિમાસિક ટી.ડી.એસ. રિર્ટન ૨૬AS &૨૪AS જમા કરાવવાની

૩૮. ટી.ડી.એસ.ની ગણતરી માંટે કર્મચારીઓએ જાહેર કરેલ રોકાણોનું એચઆર મેઇનમાં પોષ્ટીગ કરવાનું

૩૯. દરેક કર્મચારીના ઇન્કમટેકસની ગણતરીના પત્રકો તૈયાર કરી ઇન્કમટેકસની કપાતની વિગત આપવાની

૪૦. કર્મચારીઓના ફોર્મ ૧૬(એ+બી) તૈયાર કરવા

૪૧. કર્મચારીના વાર્ષિક આવક અને રોકાણો નું ઇન્કમટેક્ષના કાયદા મુજબ ચકાસણી કરી સર્ટીફીકેટ આપવાનું રહેશે.

૪૨. એએમસી મેટના ટ્રસ્ટના એકઝીકયુટીવ કમીટી તથા ગર્વનીંગ બોડીના નવા/જુના સભ્યોના ચેરિટી કમિશનર ઓફિસમાં એડીશન/ડીલીશન સંબધિત તથા ચેરીટી કમિશનર ઓફિસ અંગેની અન્ય કામગીરી

૪૩. એકાઉન્ટ પોલીસી તથા એકાઉન્ટીગ સીસ્ટમ, અગત્યના એકાઉન્ટીગ અને નાણાંકીય નિર્ણયો તથા એકાઉન્ટીગ અને નાણાંકીય બાબતો અંગે સલાહ

૪૪. માસિક, ત્રિમાસિક તથા ફાયનલ હિસાબો તૈયાર કરવા

૪૫. GST, E.P.F તથા ઇન્કમટેક્ષના સરકારી કાયદાના પાલન અંગેના અભિપ્રાય આપવા તેમજ GST, E.P.F તથા ઇન્કમટેક્ષ વિભાગમાંથી આવતી નોટિસ કે પત્રના નિયત સમય મર્યાદામાં જવાબ કરવા તેમજ જરૂર મુજબ મુદતે હાજર રહેવાનું રહેશે.

૪૬. એકાઉન્ટીગની માટે ટેલી એકાઉન્ટીગ સોફટવેર ૯.૦ અથવા એએમસી મેટમાં ઉપયોગમાં લેવામાં આવતા સોફટવેરમાં કામગીરી કરવાની રહેશે.

૪૭. દરરોજ દરેક રીસીપ્ટનું હેડ વાઇઝ એકસલ શીટમાં પોષ્ટીગ કરવું.

૪૮. દરેક પ્રકારના બીલો નિયત કરેલ ફોર્મેટમાં તૈયાર કરવા

૪૯. ટર્મ વાઇઝ ફીનું કલેકશન કરી સ્ટુડન્ટની ફીનું રીકન્સીલેશન એકસલ શીટમાં મેઇન્ટેઇન કરવું. ટર્મ પૂરી થયે દરેક કોલેજ વાઇઝ વિધાર્થીઓની આવેલ તથા બાકી ફી અંગેની વિગતોનું ત્રિમાસિક સ્ટેટમેન્ટ તૈયાર કરી એએમસી મેટ ખાતે આપવાનું રહેશે.

૫૦. એ.એમ.સી.મેટમાં પેમેન્ટનાં બીલો વધારે હોય ત્યારે કાર્ય ભારણ પ્રમાણે જરૂરી વધારાનો સ્ટાફ મૂકી રજાના સમય માં પણ કામગીરી ચાલુ રાખી કાર્યવાહી પૂર્ણ થાય તે પ્રકારે આયોજન કરવાનું રહેશે.

૫૧. HRMS/Pay Roll સોફ્ટવેરમાં પે-રોલ સંબધિત કામગીરી

૫૨. એકાઉન્ટ/પેમેન્ટ/રીસીપ્ટ અંગેની અન્ય કોઇ પણ કામ કામગીરી કરવાની રહેશે.

૫૩. એકાઉન્ટ/પેમેન્ટ/રીસીપ્ટ અંગેની કામગીરીનો દર ૩ માસે ડીટેઇલ્ડ રીપોર્ટ આપવાનો રહેશે.

૫૪. વી.એસ. હોસ્પિટલ ખાતે જમા કરાવવાની થતી કપાતની રકમ દર માસે ૫ તારીખ સુધીમાં વી.એસ. હોસ્પિટલ ખાતે જમા કરાવવાની રહેશે તેમજ તમામ સરકારી લેણા દર માસે નિયત તારીખ પહેલાં જમા કરાવવાના રહેશે.

૫૫. ઇન્કમટેક્સ એસેસમેન્ટ અને GST એસેસમેન્ટની કામગીરી કરવાની રહેશે.

૫૬. EPF, NPS ના Compliance ની તમામ પ્રકારની કામગીરી

૫૭. લેબર લોઝને લગતી તમામ પ્રકારની કામગીરી જેવી કે લેબર લાયસન્સ અંગેના કોઇ પણ કેસ, તેને લગતા અભિપ્રાય, લેબર લાયસન્સ રીન્યુ કરવા તેમજ નવા લાયસન્સ લેવા અંગેની કામગીરી કરવાની રહેશે.

૫૮. ટ્રસ્ટ એકટ અને એકાઉન્ટીગના નિયમો મુજબ કામ કરવાનું રહેશે.

૫૯. સદર ટેન્ડર અંતર્ગત એકાઉન્ટની કામગીરીની સમય મર્યાદા ૨(બે)વર્ષની રહેશે.તેમજ બન્ને પક્ષકારોની સમંતિથી સમયગાળો વધુ ૨(બે)વર્ષ સુધી લંબાવી શકાશે. સદર બાબતે નિયત સમય પહેલા કોન્ટ્રાકટ પૂર્ણ કરવામાં આવશે તો સિક્યુરીટી ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

૬૦. સદર ટેન્ડર બાબતે ન્યાયીક કાર્યક્ષેત્ર અમદાવાદ રહેશે.

૬૧. અસ્પષ્ટ અધુરી અથવા શરતી વિગતોવાળુ ટેન્ડર રદ બાતલ ગણવામાં આવશે. સદર ટેન્ડર/ટેન્ડરના ભાવ સ્વીકારવા/અસ્વીકાર કરવા બાબતે કોઇપણ નિર્ણય લેવાની આખરી સત્તા ચેરમેનશ્રી(એ.એમ.સી મેટ)/મ્યુનિસિપલ કમિશનરશ્રીને રહેશે. તે અંગનો કોઇ વાંધા/વિરોધ માન્ય રાખવામાં આવશે નહિ.

**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પેઢી વતી**

**સંસ્થા નોંધણી નંબર :**

**એ.એમ.સી મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ**

**તા. ........................** **ભાગીદાર**

**સ્થળ : ......................** **(સહી અને સિક્કા)**